
# સત્સંગ વિહાર
# ચેલેન્જ

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## પાઠ : ૧૭
## પંચ વર્તમાનમાં દૃઢ



# ૧૭. પંચ વર્તમાનમાં દૃઢ

■ **નિર્લોભી વર્તમાન**

૧૦/૧૨/૧૯૯૩. સ્વામીબાપા **ટ્રેનમાં આણંદથી મુંબઈ** જવા નીકળ્યા હતા. ટિકિટ ચેકરે ટિકિટ તપાસી સંતોને કહ્યું, 'સ્વામીજી ! **રિઝર્વેશનના ૫૦ રૂપિયા** ભરવાના **બાકી** છે.' સંતો કહે, 'સાહેબ ! અમે સંતો પૈસા રાખતા નથી. મુંબઈ સ્ટેશને પૈસા અપાવી દઈશું.'

સામે બેઠેલા **ઘાટકોપરના એક સજ્જને** મિત્રો પાસેથી સ્વામીબાપાનું નામ સાંભળ્યું હતું. તેથી તેમણે **૫૦ રૂપિયા આપ્યા** અને કહે, 'આ સેવાનો લાભ મને લેવા દો.'

કેવું આશ્ચર્ય ! સ્વામીબાપાએ સેંકડો મંદિરો બાંધ્યાં છે. બી.એ.પી.એસ. **સંસ્થાના** તેઓ **પ્રમુખ** છે. કરોડો રૂપિયાની જનકલ્યાણ પ્રવૃત્તિઓ કરે છે. છતાં... એમની પાસે **૫૦ રૂપિયા ન હતા**!

■ **નિષ્કામી વર્તમાન**

૧૯૯૫. **લંડન**ના **મંદિર મહોત્સવ** સમયે સ્વામીબાપા **હવેલીનું કામ** નિહાળવા પધાર્યા. ત્યાં એક **મેલવીન નામનો અંગ્રેજ કારીગર** હતો. તેણે સંતોના પંચ વર્તમાન વિશે વાત જાણી હતી. તેથી એક સંતને પૂછ્યું, '**સ્વામીબાપા કેટલા સમયથી બ્રહ્મચર્ય પાળે છે ?**' સંત કહે, '**૬૦ વર્ષથી**.' સંતે સ્વામીબાપાએ દીક્ષા લીધી ત્યારથી હાલ સુધીની વાત કરી. આ સાંભળી **સ્વામીબાપા કહે**, '૬૦ વર્ષથી નહીં, **૭૫ વર્ષથી** આ વ્રત પળાય છે.'

સ્વામીબાપા આવું બોલ્યા. કારણ કે તેઓની ઉંમર ત્યારે ૭૫ વર્ષ થઈ હતી. સ્વામીબાપા તો અક્ષરબ્રહ્મ છે. ભગવાનનું સ્વરૂપ છે. તેમને **સ્ત્રીનો સંકલ્પ ત્રિકાળમાંય નથી**. તેઓ અનાદિ સિદ્ધ પુરુષ છે.

■ **નિર્માની વર્તમાન**

૧૯૮૫. **લંડન**ના QPR સ્ટેડિયમમાં સ્વામીબાપાની **સુવર્ણતુલા** થઈ. આ પહેલાં ત્યાં આવું સન્માન કોઈ ધર્મગુરુને મળ્યું ન હતું. સમૈયો ખૂબ જ ભવ્યતા અને દિવ્યતાપૂર્વક ઊજવાયો હતો.

પણ **બીજે દિવસે** બપોરે **એક ભાઈ** સ્વામીબાપા પાસે આવ્યા. તેમને **ગેરસમજ** થઈ હતી. તેઓ જેમ-તેમ બોલવા લાગ્યા. સ્વામીબાપા **અપમાન** સહન કરી ગયા ને આજુબાજુ ઊભેલા સંતો- ભક્તોને શાંત રાખ્યા. તેઓ બોલી રહ્યાં ત્યારે **સ્વામીબાપાએ સેવક સંતને કહ્યું**, 'આ ભાઈને **જમાડી દેજો**.'

સુવર્ણતુલાના સન્માન વખતે કે બીજા દિવસના આવા અપમાન વખતે, સ્વામીબાપાના **મુખની** એક પણ **રેખા બદલાઈ ન હતી** !

■ **નિઃસ્વાદી વર્તમાન**

સ્વામીબાપા **ઈંગ્લેન્ડ**માં હતા. **રાત્રિભોજન**માં તેઓ ખીચડી જમી રહ્યા હતા.



સેવક સંતે આગ્રહ કરી **કઢી** થોડી વધારે આપી. ત્યાં તો રસોડામાંથી બીજા સંતે બૂમ મારતાં કહ્યું કે, 'સ્વામીબાપાને કઢી ન આપતા. કઢી ખરાબ છે. ખૂબ **ગંધાય છે** !'



સેવક સંતે તપાસ કરી તો જાણ થઈ કે **દહીંને બદલે ભૂલમાં ફ્રીજમાં પડેલ મલાઈની કઢી** બની ગઈ હતી. કેવો વિચિત્ર સ્વાદ હશે! છતાં **સ્વામીબાપા કાંઈ ન બોલ્યા**. ને કહે, 'ઠાકોરજી જમ્યા, પછી આપણને શું વાંધો ?'

■ **નિઃસ્નેહી વર્તમાન**

એકવાર સ્વામીબાપા **ગોંડલ**માં હતા. બપોરે ભોજન વખતે કોઈ કહે, 'સ્વામી ! આજે આપનાં **પૂર્વાશ્રમનાં માતુશ્રી** સમૈયામાં આવ્યાં હતાં. તેઓને **દોઢ કલાક** સુધી ફરવું પડ્યું. **પછી** માંડ **ઉતારો** મળ્યો.' સ્વામીબાપાએ આ વાતમાં જરાય રસ ન લીધો. ઊલટું વાત બદલતાં કહે, '**સમૈયામાં તો એવું જ હોય.**'

આમ, દીક્ષા બાદ સ્વામીબાપાએ પોતાના પૂર્વાશ્રમનાં ગામ કે સગાં-સંબંધીમાં ક્યારેય રસ લીધો નથી.

**આવા હતા આપણા સ્વામીબાપા !**

**પંચ વર્તમાનમાં દૃઢ. શ્રીજી મહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૨૭માં કહે છે : 'શાસ્ત્રે કહ્યાં જે (પંચ વર્તમાન) ઈત્યાદિક સંતનાં લક્ષણ જ્યાં દેખાય, એવા સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે.' એવા સંત હતા આપણા સ્વામીબાપા ! આવા સંતનો સત્સંગ મળ્યો, એ આપણાં મોટાં ભાગ્ય.**

પાઠ : ૧૭

# પંચ વર્તમાનમાં દૃઢ

સત્સંગ વિહાર ચેલેન્જ

## ચેલેન્જ ૦૧



## '' ઓળખી બતાવો...''

જરૂરી સામગ્રી : નોટ-પેન

કોણ જોડાશે : ફક્ત તમે.

રીત : પાઠ ૧૭માં આવતા સ્વામીશ્રીના પ્રસંગો અહીં આપેલા છે. તે પ્રસંગમાંથી પંચવર્તમાનમાંથી કયું વર્તમાન દર્શાય છે તે બાજુની ખાલી જગ્યામાં તમારે લખવાનું છે. તો થઈ જાઓ તૈયાર...

૧. દહીંને બદલે ભૂલમાં ફ્રિજમાં પડેલી મલાઈની ગંધાતી કઢી પીરસાઈ અને સ્વામીશ્રી જમી ગયા. ____________

૨. અંગ્રેજ કારીગર મેલવીનને સ્વામીશ્રીએ કહેવડાવ્યું, '૭૫ વર્ષથી આ બ્રહ્મચર્યનું વ્રત પળાય છે.' ____________

૩. ગેરસમજમાં પોતાનું અપમાન કરનાર ભાઈને સ્વામીએ જમાડીને મોકલવાનું કહ્યું. ________

૪. કરોડો રૂપિયાની જનકલ્યાણની પ્રવૃત્તિ કરનાર સ્વામી પાસે રિઝર્વેશનના ૫૦ રૂપિયા પણ ન મળ્યા. ____________

૫. સુવર્ણતુલાના બીજા દિવસે થયેલ અપમાનમાં સ્વામીશ્રીના મુખની એક રેખા પણ બદલાઈ નહીં. ____________

૬. સ્વામીશ્રીને બ્રહ્મચર્યભંગનો પ્રસંગ ત્રિકાળમાં પણ થયો નથી. ____________

૭. સ્વામીશ્રી હંમેશા કહેતા, 'ઠાકોરજી જમ્યા પછી આપણે શું વાંધો ?' ____________

૮. સ્વામીશ્રીએ પૂર્વાશ્રમના માતૃશ્રીને સમૈયામાં પડેલી તકલીફ માટે કહ્યું, 'સમૈયામાં તો આવું જ હોય.' ____________

Answer : Click Here

## મનન

સ્વામીશ્રીના આ દરેક પ્રસંગોનું મનન દિવસમાં એક વખત કરવું.

સત્સંગ વિહાર ચેલેન્જ

# પાઠ : ૧૭
# પંચ વર્તમાનમાં દૃઢ

## ચેલેન્જ ૦૨




## “ ભગવાનના સાક્ષાત સંબંધી ”

જરૂરી સામગ્રી : વચનામૃત

કોણ જોડાશે : પરિવારના દરેક સભ્યો.

રીત : પાઠ ૧૭માં વચનામૃત ગઢડા અંત્ય ૨૭નું ક્વોટેશન નોંધાયું છે : ‘શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતના લક્ષણ તેને સાંભળીને એવા લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત સંબંધ હોય...’. આજે સાંજે ઘરસભામાં તમારે આ જ વચનામૃત ગઢડા અંત્ય ૨૭નું વાંચન કરવાનું છે. આ વાંચન વખતે ઉપર જણાવેલ ક્વોટેશન આવે ત્યારે પંચવર્તમાનમાંથી કોઈ એક વર્તમાનના આધારે એક પ્રસંગ પરિવારના તમામ સભ્યોને જણાવવાનો છે.

**મનન**

વચનામૃત ગઢડા અંત્ય ૨૭ના ઉપર જણાવેલ ક્વોટેશનનું મનન કરવું.

## ચેલેન્જ ૦૩



## “ સદા દાસ ”

જરૂરી સામગ્રી : સેવાના આધારે નક્કી કરવી

કોણ જોડાશે : ફક્ત તમે.

રીત : સ્વામીશ્રી જેવા નિર્માની થવા માટેનું પહેલું પગથીયું છે, ‘દાસભાવ’. દાસભાવ કેળવવા માટે આજે આખા દિવસ દરમિયાન કોઈ ૨ સેવા તમારે કરવાની છે. જેમ કે, કચરા-પોતા કરવા, એક સમયના વાસણ ઉટકવા વગેરે.

**મનન**

આ સેવા કરતી વખતે સ્વામીશ્રીના જીવનમાં કેવું નિર્માનીપણું હતું તેનું મનન કરવું.

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને એક્ટિવિટી દ્વારા તે પાઠની દ્રઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here

English Click Here

**જય સ્વામિનારાયણ**